
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૪
અંક ૧૨

આસો
સં. ૨૦૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. સાચું સુખ-સાચી શાંતિ કયાં છે ? | (સ્વામી રામદાસ) | ૧૮૫ |
| ૨. ન બોલવામાં ગુણ છે નવાણું | (અભ્યાસી) | ૧૮૬ |
| ૩. શ્રી નવપદનું સ્તવન | (મુનિશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૮૭ |
| ૪. સ્વાર્થમય સંસાર | (અમરચંદ માવજી શાહ) | ૧૮૮ |
| ૫. તિરસ્કાર પાપનો કરાય, પાપીનો નહિ. | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૧૮૯ |
| ૬. સ્વાશ્રયી બનો : ૫ | (અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૧૯૧ |
| ૭. દીપાલિકા અને પ્રભુ મહાવીર | (મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજ) | ૧૯૩ |
| ૮. ધર્મ કૌશલ્ય : ૯૧-૯૨ | (સ્વ. મૌક્તિક) | ૧૯૫ |
| ૯. સત્તરભેદી પૂજા-સાર્થ | (પં. શ્રી રામવિજયજી ગણિ) | ૧૯૭ |
| ૧૦. વાર્ષિક અનુક્રમણિકા | | ૨૦૦ |
| ૧૧. સ્વીકાર | | ૨૦૩ |


# સભામાં મળતાં સંસ્કૃત પુસ્તકો

આ વિભાગના નીચેના સાત નંબર સુધીના ગ્રંથો સ્ટોકમાં ન હતા, પરંતુ તેની ખાસ માગ આવવાથી સ્પેશીયલ સ્ટોકમાં હતા તેમાંથી અમુક કોપી વેચાણ માટે કાઢવામાં આવેલ છે જે સ્ટોકમાં હશે ત્યાંસુધી જ ખાસ કેસ તરીકે સાડાબાર ટકાના કમીશનથી આપવામાં આવશે તો આ તકનો તરત લાભ લેવા વિનંતિ છે.

૧ वसुदेव हिन्डी : [પ્રથમ અંશ] ૭-૦-૦
૨ वसुदेव हिन्डी : [દ્વિતીય અંશ] ૭-૦-૦
[બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે]
૩ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त —
कर्मग्रंथ भा १ लो [એકથી ચાર] ६-०-०
४ ,, भा. २ जो [પાંચ અને છ] ६-०-०
[બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે]
५ बृहत् कल्पसूत्र भा. २-३-४-५-६
[દરેકના] ૨૦-૦-૦
६ कथारत्नकोष-मूळ मागधी
[ગ્લેઝ] ૮-૦-૦
७ ,, ,, [લેઝર] १०-०-०
९ चंद्रलेखा [પ્રતાકારે] भेट
१० जैनमेघदूत २-०-०
११ सूक्त रत्नावली ०-४-०
१२ सूक्त मुक्तावली ०-४-०
१३ प्रकरण संग्रह [પ્રતાકારે] જેમાં સિંદુર પ્રકરણ મૂળ તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ; ગુણસ્થાનક્રમારોહ મૂળ છે] ૦-૮-૦
१४ त्रिषष्टी पर्व भा. १ लो મૂળ [સંસ્કૃત] ६-०-०
१५ " भा. २ जो " ' ८-०-०
१६ " " [પ્રતાકારે] १०-०-०

લખો:— શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : આસો [ અંક ૧૨


## સાચું સુખ–સાચી શાંતિ ક્યાં છે?

ધન ઉપરનો પ્રેમ પ્રભુ–પ્રાપ્તિના માર્ગમાં બહુ મોટું વિઘ્ન છે. સાચી શાંતિ ભોગવવાની ઇચ્છાવાળાએ ધનનો મોહ છોડી દેવો જોઇએ. તેણે હૃદયને ક્ષમા તથા દયાના ભાવથી નરમ બનાવવું જોઇએ. બીજાનાં દુઃખનિવારણાર્થે કરેલાં કામ પરથી જ દયાનાં દર્શન થાય છે. વૈરવૃત્તિ પર ક્ષમાવડે જ વિજય મળે છે. માનવજાતિ પ્રત્યેના પ્રેમ તથા સદ્‌ભાવના વિકાસવડે આપણી દૃષ્ટિ આપણે વિકસિત નહિ કરીએ તો દિવ્ય સચ્ચિદાનંદ પ્રભુ પાસે આપણે પહોંચી શકવાના નથી.

સોનું તથા ચાંદી તો માત્ર ચકચકિત પીળી તથા સફેદ માટી સિવાય કંઇ જ નથી. તમે ભલે ધનના શેઠ બનજો; પણ ધનના ગુલામ બનશો નહિ. કોઈ પણ ઇચ્છાના ગુલામ બનશો તો તમને શાંતિ કે મુક્તિ કદી મળશે નહિ. સંકટમાં પડેલા પ્રાણીને સહાય કરવાથી મળતો આનંદ જ ખરો દિવ્ય આનંદ છે. લોભીયા માનવીની તો ભારે દયા ખાવા જેવું છે. તે ધનના ઢગલા પર ઢગલા ખડકે છે પણ સાથે તેને ચિંતાના ડુંગર પર ડુંગર પણ માથે ઉપાડવા પડે છે; માટે પરમાર્થ માર્ગના સાધકે પૈસાનો મોહ રાખવો નહિ. તેણે તો હમેશાં વધુ ને વધુ દાન કરતાં રહેવું અને દુઃખી માણસમાં ઇશ્વરદર્શન કરીને સર્વ શક્ય માર્ગે તેની સેવા કરવી: કેમ કે સાચું સુખ તો આવી નિઃસ્વાર્થ સેવામાં જ રહેલું છે. સૌ કોઇ જીવનમાં સુખ જ શોધે છે. લક્ષાધિપતિઓ પણ ખૂબ દુઃખ ભોગવી રહ્યા છે. સુખ કંઇ ધન–સંગ્રહથી મળતું નથી. ધનસંગ્રહથી તો માણસ ભય તથા ચિંતાના ખાડામાં પડે છે.

**સ્વામી રામદાસ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન બોલવામાં ગુણ છે નવાણું

ઉપજાતિ

વિવેકવાળાં વચનો ઉચારો, જો ઇચ્છતા હો યશનો વધારો;
વાણીથી આણો ન વિરોધ ટાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.
જેવાં વદાશે મુખથી જ બોલ, તેવા જ થાશે નિજ નીતિ-તોલ;
ન નીચને શૃંગ શિરે અપાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.
ન પદ્મ હાથે કુળવાન પામ્યાં, વાણી વિશે છે યશ સર્વ જામ્યો;
કુવાણીથી ક્રોધ વિરોધ જાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.
વાણી વળી ઇચ્છિત વસ્તુ આપે, દરિદ્રતાને ક્ષણમાં જ કાપે;
કુવાક્યમાં દુઃખ બધું સમાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.
ન શાંતિ જેવો તપ કોઇ મોટો, ગ્રહો વિચારી ગણી દેહ ખોટો;
જમો ઘણું મિષ્ટ સુવાણી ભાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.
વિચારથી વાક્ય વદો હમેશ, જેથી ન થાયે કદિ કલેશ લેશ;
થૂંક્યું કદિ કોથી નથી ગળાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.
કુવાક્યથી પાણી હરામ થાય, કુવાક્યથી વહાલપ સર્વ જાય;
છે મૌનતા મૂર્ખતણું ઘરાણું, ન બોલવામાં ગુણ છે નવાણું.

**અભ્યાસી**

★

लालयेत्पंचवर्षाणि दशवर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत् ॥

( દોહરા )

પાંચ વર્ષ સુધી બહુ, લાડ લડાવો સુત;
દશ વર્ષો તાડન કરો, નહિ તો થશે કપુત.
સોળ વર્ષનો થાય તે, જ્યારે પૂર્ણ યુવાન;
ત્યારે તે નિજ પુત્રને, માનો મિત્ર સમાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદનું સ્તવન

[ રાગ—શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શીરદાર જો ]

[ ૧ ]

**શ્રી નવપદનો** મહિમા સહુ શિરદાર જો, —ટેક.
વર્ણન જેનું આગમમાંહી અપાર જો,
જ્ઞાનીયોએ દર્શાવ્યું વિસ્તારથી જો. —નવપદ૦

[ ૨ ]

ધરીયે તેહનું ધ્યાન વિધિ અનુસારે જો,
નિશ્ચયથી ભવસિન્ધુના કિનારે જો,
પહોંચાડે નિર્વિઘ્ને ક્ષેમ કુશળથકી જો. —નવપદ૦

[ ૩ ]

વિપદા નાશે સંપદ આવે ઘેર જો,
જેહના ધ્યાને પામે લીલા લ્હેર જો,
પૂર્વે જયું **શ્રીપાલ ને મયણા** પામીયા જો. —નવપદ૦

[ ૪ ]

શ્રી મુનિચંદ્ર શ્રોતાને ઉપદેશ જો,
યથાવિધિ આરાધે તે સુખલેશ જો,
વિણ શંકાએ રાખી આદરભાવને જો. —નવપદ૦

[ ૫ ]

કાસ શ્વાસ કોઢાદિ રોગો નાસે જો,
સિદ્ધચક્રનું સ્મરણ કરે ઉલ્લાસે જો,
જાતરૂપ સમ કાયા થાયે નિર્મલી જો. —નવપદ૦

[ ૬ ]

ક્રોધાદિક સહુ આરંભનો કરી ત્યાગ જો,
**શ્રીપાલચરિત્ર** સુણીયે ધરી એકચિત્ત જો,
મન, વચ, કાયા, સંવરમાંહે રાખીને જો. —નવપદ૦

[ ૭ ]

ધ્યાન ધરી નવપદનું ઉત્તમ તરીયા જો,
વર્તમાનમાં પણ શિવલક્ષ્મી વરીયા જો,
આગે પણ કોઈ જીવો મહોદય પામશે જો. —નવપદ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ ૮ ]

વંધ્યા પુત્રવતી નિર્ધન ધનવાન જો,
આરાધનપ્રભાવે ભુવિ યશવાન જો.
સ્વર્ગાદિકના સુખો પામે ખચિતથી જો. —નવપદ૦

[ ૯ ]

સકલ સુખનું સાધન **નવપદ** ધ્યાન જો,
ધરો હૃદય(રદય)માં રાખીને બહુમાન જો,
**લક્ષ્મીસાગર** કહે તે સુખને અનુભવે જો. —નવપદ૦

રચયિતા–મુનિરાજશ્રી **લક્ષ્મીસાગરજી** મહારાજ

★

# સ્વાર્થમય સંસાર

સૌ સગા છે સ્વાર્થતણાં, તે સત્ય જ જાણો;
કસોટી સમયે સહુનાં, દિલ પિછાણો. ૧

લૂખા લાડ કરે જો હોય, લક્ષ્મીજી પાસે;
ખીસા ખાલી જાણ થતાં, ત્રણ ગાઉ નાસે. ૨

કર્મને ઘો દોષ, કોઈ નહિ કાંઈ તમારું;
શાને મિથ્યા મત ગ્રહે તું, મારું મારું. ૩

દૂરથકી ડુંગર સદા, રળીયામણાં લાગે;
પાસે આવીને જોતાં, ઠેસ ત્યાં પગને વાગે. ૪

પડનારાને ઉઠ! ઊભો થા! કોણ જ કહે તું!
પાટુ ઉપરથી પડે ત્યાં, ખૂન જ વહે તું. ૫

બળ સાચું બળ, તહ સ્વબળને જાણો;
પરાયું જે બળ, ખાખમાં જળ પિછાણો. ૬

પછડાયા જો હોય છતાં, નહિં હિંમત હારો;
લાચારી કે દીનતા, સૌ મનથી વારો. ૭

આત્મબળ છે એક માર્ગ, આગળ વધવાનો;
'અમર' શું સ્વમાન ખોઈને, તું જીવવાનો? ૮

**અમરચંદ માવજી શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તિરસ્કાર પાપનો કરાય, પાપીનો નહીં !

લેખક—શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર

પાપ એ વસ્તુ સ્વયં તિરસ્કરણીય છે, છોડવા લાયક છે. આદરવા લાયક તો નથી જ, એ દીવા જેવી સ્પષ્ટ વસ્તુ છે. જે પાપ કરે છે એ સ્વયં જાણે છે કે, એ વસ્તુ તિરસ્કાર કરવા લાયક છે. એ જે પાપ કરે છે તે બીજાઓને ખબર ન પડે તેમ છુપાઇને કરવા પ્રયત્ન કરે છે. ચોર ચોરી કરે છે તે બીજાઓ જાણી ન જાય તેની સાવચેતી રાખે છે. જાર પણ છડેચોક પોતાનું પાપકર્મ કરવા પ્રેરાતો નથી. એમાં એ પોતાને છુપાવવાની યોજના પોતાની બુદ્ધિ મુજબ કરી જ રાખે છે. ખોટા ચોપડાઓ રાખનારો એ ખોટા ચોપડાઓને ખોટા તરીકે જાણતો હોવાથી તેને સત્યતાનું રૂપ આપવા પ્રયત્ન કરે છે. પોતે ચોર છે એવું પોતાને પૂરેપૂરું લાગવા છતાં એ સાહુકારનો દેખાવ કરે છે. ઠગારો પોતે સાધુનો વેષ અને દેખાવ કરતો જોવાય છે. મતલબ કે, પાપ એ વસ્તુને એના સાચા રૂપમાં ઓળખે છે છતાં એના ઉપર વિકારો એવો પગડો બેસાડે છે કે, એ પોતાને ઘડીભરને માટે ભૂલી જાય છે, અને પાપકર્મ કરવા લલચાય છે. પાપ છે માટે એ છોડવા લાયક છે. છોડવું જ જોઇએ. પરિણામે આપણને નુકસાન પહોંચાડશે એવો વિવેક કરવાનો અને એ અમલમાં મૂકવાનું એને ધૈર્ય હોતું નથી. એ પરવશ થઈ જાય છે. અને પોતાના મનને મનાવી લેવાનો પ્રયત્ન કરે છે, એ એની નબળાઇ છે, કાયરતા છે. પોતાની ભૂલ થઇ છે એ જાણવા છતાં એ કબૂલ કરવાનું ધૈર્ય ભલભલા પંડિતો અને મહંતો ગણાતા સાધુપુરુષો પણ બતાવી શકતા નથી. પરિણામે પોતાના એ ભૂલ છુપાવવા માટે બીજી અનેક ભૂલો કરી મૂળની ભૂલ છુપાવવા તર્કટો રચે છે અને અણધાર્યા નવા પાપો કરી બેસે છે. પોતાની ભૂલ થઇ છે અને એ કબૂલ કરી સુધારવી જ જોઇએ એ વસ્તુ કોઇક અલૌકિક શક્તિ ધરાવનાર સંતપુરુષો જ સમજી શકે છે. અને પોતાના મોભાની કે ઐશ્વર્યની પરવા કર્યા વગર પોતાની ભૂલનો હસતે મુખે સ્વીકાર કરી લે છે. આ કાર્ય માટે અલૌકિક વ્યક્તિત્વ અને અસામાન્ય ધૈર્યની આવશ્યકતા હોય છે. એટલા માટે જ અમો કહીએ છીએ કે, પાપનો તિરસ્કાર કરાય, પાપીનો નહીં.

પાપી જે પાપકાર્ય કરે છે તે પોતાના અનંત જન્મોમાં આચરેલ વિકારલોલુપતા અને મોહાંધતાનું જ પરિણામ છે. એને કોઈ પાપકાર્યની ઇચ્છા જન્મે છે. એની પાછળ અનંત જન્મોના કર્મોની શક્તિ કામ કરે છે. દારૂડીઆને અનેક વાર પોતાની જિહ્વાની લોલુપતાનો તિરસ્કાર પણ આવે છે, અને અનેક વાર એ નિશ્ચય પણ કરે છે કે, હવેથી દારૂને સ્પર્શ પણ નહીં કરૂં. પણ પ્રસંગ ઉપસ્થિત થતાં એ એવો વિવશ અને આતુર-આતુર થઈ જાય છે કે, જાણે અન્ય કોઈ મનુષ્ય એના ઉપર જુલમ જબરદસ્તી કરી દારૂ પાતો હોય છે. જેમ કોઇ કેદી જેલર કે નિરીક્ષકને વશ રહીને જ પોતાનું જીવન વ્યતીત કરતો હોય અને એની પોતાની ઇચ્છાની ત્યાં કાંઈ કીંમત જ ન હોય તેમ પાપ કરવાને પ્રવૃત્ત થનારા માનવની દશા થઇ જાય છે. પાપથી નિવૃત્ત થવાની શક્તિ જ એ ગુમાવી બેઠેલો હોય છે. એવા પામર અને શક્તિહીન માનવ પ્રત્યે આપણે દયા જ દાખવવાની હોય ને ? એના માટે આપણે કરુણાની જ ભાવના કેળવવાની હોય. એનો તિરસ્કાર કરવો એટલે આપણે પણ એક દોષ કરવા જેવું જ છે.

કોઇ પંડિત અને સંત ગણાતો મનુષ્ય હોય છે, એ ઘણું ભણેલો હોવાથી અનેક વસ્તુઓનું એને ભાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. પ્રસંગવશાત્ એના મોઢે કાંઇ અનુચિત પ્રરૂપણા થઇ જાય છે. એ પ્રરૂપણા અમુક કાળની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોચિત શાસ્ત્રોકત હોય છે. પણ એની પાછળ જે વિચારપરંપરા હોય છે અને કાલોચિત વિવેક અને વિવેચનની શકિત એવા પુરુષમાં ન હોય તો એ અંધપણે પોતાની પ્રરૂપણાને વળગી રહી આંદોલનો જગાડે છે. અને પોતાની વધુ અગર ઓછી શક્તિને લીધે પોતાની જુદી પરંપરા ઉત્પન્ન કરે છે. એને પાછળથી પોતાની ભૂલ જણાવા છતાં એ અહંભાવને વશ થઇ જાય છે. એ કારણને લીધે જ જગતમાં અનેક ધર્મો, પંથો, ફિરકાઓ અને વાડાઓ ઉત્પન્ન થાય છે. એ બધી અનર્થ-પરંપરાથી ધર્મની અખંડ પ્રરૂપણા તૂટી પડે છે. ભ્રમણા ફેલાય છે. આપસમાં વેરઝેર ફેલાઇ, કલહ, કંકાસ અને યુદ્ધો પણ જાગે છે. એ બધું મનની નબળાઇ અને અહંભાવના કારણે જ બને છે. એવી પ્રરૂપણાથી મોટું પાપ બંધાય છે. એનું ભાન પાપીને હોય અને ન પણ હોય. પણ આપણે સમજી રાખવું જોઇએ કે, એ બધું વિકારોનું તાંડવ છે. જ્યારે મોટા ગણાતા માનવો પણ આવું આવું મહાન્ પાપ કરી બેસે છે ત્યારે સામાન્ય માણસ માટે શું કહેવાનું હોય? એ બધા પાપો પરવશપણાને લીધે જ થાય છે, માટે એવા પાપી માણસની પણ આપણે દયા ખાવી રહી. ઉલટાના તેમનો તિરસ્કાર કરવાથી તો આપણે ઘણું ગુમાવી બેસીએ, માટે જ અમે કહીએ છીએ કે, તિરસ્કાર પાપનો થઇ શકે; પાપીનો નહીં.

પ્રભુ મહાવીર ભગવંતના શાસનમાં ઘણા નિહ્નવો પેદા થયા. પ્રભુ મહાવીર ભગવંતના વચનોમાં તેમને દોષ જણાયો. એમને ભ્રમણા જાગી. તેમનામાંથી કેટલાકને પોતાની ભૂલ જણાતા તેઓએ તે સુધારી પણ લીધી. પણ કેટલાકનો અહંભાવ અત્યંત પ્રબલ નીકળ્યો. પોતાની ભૂલ દેખાવા છતાં તેઓ હઠીલાઇથી પોતાની માન્યતાને જ વળગી રહ્યા. એમના એ કૃત્ય પાછળ અનંત ભવોની પરંપરા કામ કરતી હતી એ સ્પષ્ટ વાત છે. તેમણે માન અને અહંતાની ભાવના પાળીપોષી ખૂબ પ્રબલ કરી મૂકી હતી. અને તેઓ તેવી ભાવનાના ગુલામ થઈ ગયા હતા. તેથી જ વખત આવે તેમના ઉપર પેલી વાસના સવાર થઈ બેઠી હતી. અને સાચો માર્ગ નહીં બતાવતા ઊંધે માર્ગે જ તેમને દોરી જતી હતી.

પ્રભુનો માર્ગ અનંત નયગર્ભિત અનેકાંતનો છે. તેનું રહસ્ય નહીં સમજનારા પોતે મોઢે અનેકાંતની ડિંડિમ વગાડવા છતાં એકાંત માર્ગની જ પ્રરૂપણા કર્યે રાખે છે. પોતે છદ્મસ્થ છે. ભૂલને પાત્ર છે. ગમે તેવું પ્રખર જ્ઞાન છતાં પોતાના હાથે ભૂલ થવાનો સંભવ છે એ વસ્તુ તેઓ ભૂલી જ જાય છે. અનેકાંતને માનવા છતાં તેઓ એકાંતની જ પ્રરૂપણા કર્યે જાય છે. એ પાપ નહીં તો બીજું શું? એ પાપનો આપણે તિરસ્કાર કરીએ એ ઉચિત ગણાય, પણ એ કરનાર માટે આપણે દયા અને ક્ષમાની બુદ્ધિ જ રાખવી જોઈએ.

પોતાની ભૂલનો જાહેર એકરાર કરવા માટે અસામાન્ય ધૈર્યની આવશ્યકતા હોવી જોઇએ. લોકોમાં આપણી હાંસી થશે એ વસ્તુ તેને ભૂલવી પડે છે. આપણે હલકા ગણાઇશું એ ધાસ્તી એને જતી કરવી પડે છે. ઉન્નત મસ્તકે આપણે હવે ફરી નહીં શકીએ એવી આશંકા દૂર ફગાવી દેવી પડે છે. મતલબ કે, મારું એ સાચું એ કુત્સિત ભાવના એને મૂકવી જ પડે. સાચું હોય તે જ મારું એ વસ્તુ સારી રીતે ઓળખી પરિણામની દરકાર કર્યા વગર સત્ય વસ્તુનો જ આગ્રહ રાખી પોતાના દોષની કબૂલાત આપવી પડે છે; માટે જ એવા પુરુષો પૂજ્ય ગણાય છે. પોતાનો કક્કો ખરો કરવા માટે ધમપછાડા કરી ગમે તેવી સાચી-ખોટી દલીલો આગળ કરનારા એ સામાન્ય તેમજ પાપી ગણાય છે.

પાપી માણસ પૂર્વજન્માર્જિત વાસનાને આધીન રહીને જ પરવશપણે પાપ કર્યે જાય છે. માટે જ તેની દયા કરવી એ આપણું કર્તવ્ય છે. એ વસ્તુ દરેકના ધ્યાનમાં આવી જાય તો જગતમાં બનતા ઘણા અનર્થો ટળી જાય. શાસનદેવ એવી સદ્બુદ્ધિ બધાને આપે એ જ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાશ્રયી બનો

લેખાંક : : ૫

અનુ૦ **શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ** (ગતાંક પૃષ્ઠ ૧૮૩ થી શરૂ)

કોઇ વ્યક્તિ વિશે મનુષ્યોને બોલતાં આપણે એક વાર સાંભળીએ છીએ કે 'તે દરેક કાર્યમાં વિજયી જ નીવડે છે; અથવા તે જે વસ્તુને સ્પર્શમાત્ર કરે છે તે કાંચન બની જાય છે.' આ કોટીના મનુષ્યને પોતાના શ્રેષ્ઠ ચારિત્ર્યના બળથી અને પોતાના વિચારોના ઉત્પાદક શક્તિથી ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ વિજયી બનવાનું સુભાગ્ય પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાથી જ શ્રદ્ધાનો ઉદ્‌ભવ થાય છે. જે મનુષ્યની બાહ્યાકૃતિ વિજયસૂચક છે તે સર્વત્ર નિશ્ચય બળની પ્રભા પ્રસારે છે અને પોતે જે કાર્ય કરવાનો યત્ન કરે છે તે કરવાનું પોતાની અંદર સામર્થ્ય રહેલું છે એવા વિશ્વાસની અન્ય લોકોમાં પ્રેરણા કરે છે. અલ્પ સમય વ્યતીત થયા પછી તેને માત્ર પોતાના વિચારબળનું જ નહિ પરંતુ સર્વ પરિચિત માણસોના વિચારબળનું પ્રોત્સાહન મળે છે. વિજય પ્રાપ્ત કરવાની તેની શક્તિ વિશેની તેના આપ્તજનોની માન્યતા દઢીભૂત થતી જાય છે અને તેના પરિણામે પ્રત્યેક કાર્યમાં વિજય પ્રાપ્ત કરવામાં વધારે ને વધારે સુગમતા થતી જાય છે; અને તેના આત્મબળ, આત્મશ્રદ્ધા અને આત્મનિશ્ચય તેના વિજયના પ્રમાણમાં દિવસે દિવસે વૃદ્ધિંગત થાય છે. જેવી રીતે પ્રાચીન સમયમાં એક હિંદી સૈનિકના મનમાં વિચાર સ્ફુરતો કે 'જે શત્રુઓ પર મેં જીત મેળવી છે તેઓની શક્તિનો મારામાં પ્રવેશ થાય છે' તેવી જ રીતે વસ્તુતઃ યુદ્ધમાં, ઉદ્યોગોમાં, વેપારમાં, શોધખોળમાં, વિજ્ઞાનમાં, કળામાં અથવા ગમે તે ક્ષેત્રમાં મનુષ્યને જે કંઈ વિજય મળે છે તે વડે વિજેતાની પછીનાં કાર્યો કરવાની શક્તિમાં વૃદ્ધિ થાય છે.

તમારે જે કાર્ય સાધવું હોય તેનાં એવા દઢ નિશ્ચયપૂર્વક ચિત્તને એકાગ્ર કરો અને તમારા નિશ્ચયમાં એવું બળ રેડો કે જેથી કરીને કાર્ય પૂરેપૂરું સાધી રહો નહિ ત્યાં સુધી કોઇ પણ તમને તમારા હેતુમાંથી ચલાયમાન કરી શકે નહિ. શ્રેષ્ઠતાની આ ખાતરી થવાથી અને વિજયને અવિચ્છેદ્ય જન્માધિકાર તરીકે ગણવાની મનોવૃત્તિ ધારણ કરવાથી જે શક્તિઓના સમૂહનો સંશય, ભય અને અશ્રદ્ધાથી ઉચ્છેદ થાય છે તે શક્તિઓ જાગૃત અને સચેત થાય છે.

આત્મશ્રદ્ધા માનસિક સૈન્યનો નેપોલીયન છે. તેને લઇને અન્ય સર્વ શક્તિઓમાં બમણો તમણો વધારો થાય છે. જ્યાં સુધી આત્મશ્રદ્ધારૂપી સેનાધિપતિ મોખરે ચાલતો નથી ત્યાં સુધી સઘળું સૈન્ય રાહ જોઇને બેસી રહે છે. આત્મબળમાં શ્રદ્ધા નષ્ટ થયા પછી સરતમાં દોડનાર ઘોડો પણ વિજયી નીવડી શકતો નથી, તો મનુષ્યને માટે તો કહેવું જ શું ? આત્મશ્રદ્ધામાંથી ઉત્પન્ન થયેલી હિંમત એક પ્રકારનું પ્રોત્સાહન છે, જેના બળે અવશિષ્ટ રહેલ સત્વનું પ્રકટીકરણ થાય છે. અનેક મનુષ્યો પોતાનાં કાર્યમાં નિષ્ફળ નીવડે છે તેનું કારણ એ છે કે તેઓ ગમે તે ભોગે વિજયવંત થવાના નિશ્ચયપૂર્વક અંગીકૃત કાર્યમાં પોતાનાં ચિત્તને લગાડતા નથી. તેઓને પોતાની જાતમાં તે ઉચ્ચ પ્રકારની શ્રદ્ધા નથી હોતી કે જે શ્રદ્ધા માર્ગમાં નડતી સઘળી મુશ્કેલીઓનો નાશ કરે છે.

સ્વીકૃત કાર્ય કરવાની તમારી શક્તિ વિશે જો તમને શંકા હોય, જો તમે એમ ધારતા હો કે તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




કરતાં અન્ય લોકો તે કાર્ય કરવાને વિશેષ લાયકાત ધરાવે છે, તમારી જાતને પ્રકાશમાં લાવવાના અનેક પ્રસંગોનો લાભ લેવાનો જો તમને ભય હોય, જો તમારો સ્વભાવ બીકણ હોય, જો તમારા શબ્દકોષમાં નકારનું પ્રાધાન્ય હોય, જો તમે ધારતા હો કે તમારામાં પ્રોત્સાહનનો અને શક્તિનો અભાવ છે, તો ત્યાંસુધી તમે તમારી મનોવૃત્તિ બદલશો નહિ અને સ્વશક્તિમાં મહાન શ્રદ્ધા રાખતા શીખશો નહિ ત્યાંસુધી તમે કોઈપણ મહાન કાર્ય કરવામાં કદાપિ વિજયવંત નીવડશો નહિ એ વાતમાં કશો સંદેહ નથી. ભય, શંકા અને કાયરતાનો તમારા મનમાંથી સદંતર બહિષ્કાર થવો જોઇએ.

કોઈ પણ કાર્યનો આરંભ વિચારમાં જ થવો જોઇએ. જે કાર્ય આપણે કરવા ઇચ્છીએ છીએ તેનો દૃઢ વિચાર એ એક મહાન પગથિયું છે. જે કાર્ય વિશે અચોક્કસ વિચારો બંધાયા હોય છે તેનું પરિણામ પણ તેવું જ આવે છે. જગતનાં મહાન કાર્યોની શરૂઆત આશા, ઇચ્છા અને વિચારોમાં જ થઈ છે. પ્રબળ ઇચ્છા હિંમતને ટકાવી રાખે છે અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય નહિ ત્યાંસુધી આત્મભોગને વિશેષ સુગમ બનાવે છે. આપણને આપણાં જીવનમાંથી જે કંઇ ઉપલબ્ધ થાય છે તેનું માપ શ્રદ્ધાથી જ થઇ શકે છે. નિર્બળ શ્રદ્ધાવાન મનુષ્યને અતિ અલ્પ મળે છે અને પ્રબળ શ્રદ્ધાવાનને એથી અધિકગણું મળે છે. ઘણાખરા સ્વાશ્રયી મનુષ્યોના અદ્ભુત કૃત્યોનું આપણે પૃથક્કરણ કરીએ તો આપણને પ્રતીત થશે કે તેઓના પ્રવૃત્તિમય જીવનના આરંભકાળમાં તેઓએ જે કાર્ય કરવાનું માથે લીધું હોય છે તે સાધવાની તેઓની શક્તિ વિશે તેઓએ શ્રધ્ધાયુકત, અચળ અને મજબૂત માન્યતા અને વિચારોનું નિરંતર સેવન કર્યું હોય છે. તેઓની મનોવૃત્તિ તેઓના લક્ષ્યબિંદુ તરફ એટલા બધા આગ્રહપૂર્વક વળેલી હોય છે કે જે શંકાયુકત અને ભયપ્રદ વિચારો પોતાની જાતવિશે નિકૃષ્ટ વિચારો કરનાર અને અતિ અલ્પની આશા રાખનાર માણસને અંતરાયભૂત થાય છે અને બીવરાવે છે, તે તેઓના માર્ગમાંથી દૂર થયા હોય છે અને જગતમાં સર્વ દિશામાં તેઓને માટે માર્ગ ખુલ્લો થયો હોય છે. જાણે કે તેઓના પર ભાગ્યદેવીનો મહાન્ અનુગ્રહ થયો હોય તેમ તેમને કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ ફતેહ મેળવે છે. આ જોઇને આપણે તેઓના વિજયનું મૂળ કારણ શોધવા અનેક પ્રકારની રીત અજમાવીએ છીએ. ખરી હકીકત એ છે કે તેઓની અર્થસિદ્ધિ તેઓના ઉત્પાદક અને આભ્યાસિક વિચારોનું મધુર પરિણામ છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓની અર્થસિદ્ધિ એ બીજું કંઇ નથી, પણ તેઓના સંજોગોમાં સ્પષ્ટ અને પ્રકટ થયેલી તેઓની ચિત્તવૃત્તિ જ છે. તેઓના નિર્ણીત વિચારોમાંથી અને સ્વશકિતમાં અવિરત શ્રદ્ધામાંથી તેઓએ અત્યારે જે કાંઇ પ્રાપ્ત કર્યું હોય છે તે સર્વ ઉપજાવી કાઢ્યું હોય છે. આરંભેલા કાર્યમાં સંપૂર્ણ સિદ્ધિ મળવાની છે એવું ખરા અંતઃકરણપૂર્વક આપણે માનવું જોઇએ. અલ્પ ઉત્સાહથી અથવા અપૂર્ણ મહત્વાકાંક્ષાથી કશું સાધી શકાતું નથી. આપણી શ્રદ્ધામાં અને આશાઓમાં, આપણા નિશ્ચયમાં અને પ્રયત્નમાં બળ અથવા સત્વ હોવું જોઇએ. જે વસ્તુ મેળવવાને આપણે ઉત્સુક હોઇએ તેની ઇચ્છાને હૃદયમાં અગ્રસ્થાન મળવું જોઇએ એટલું જ નહિ પણ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાના આપણા પ્રયાસમાં દૃઢતા અને એકાગ્રતા હોવા જોઇએ. જેવી રીતે અગ્નિની ઉષ્ણતા ઉગ્ર હોય તો જ લોઢાને વાળવા જેવું અથવા ઘડવા જેવું બનાવી શકાય છે. જેમ વિજળીક વેગ અત્યંત તીવ્ર હોય તો જ હીરા જેવા કઠણ પદાર્થનું વિલપન કરી શકાય છે, તેવી જ રીતે એકીકૃત અને અજય્ય હેતુથી ગમે તેવું દુષ્કર કાર્ય સિદ્ધ થઈ શકે છે. મંદ ઉત્સાહવાળી ઇચ્છાથી કોઇએ કદિ પણ કશું સાધ્યું હોય તેવું આપણા અનુભવમાં નથી. અનેક લોકો જીવનમાં અત્યંત અલ્પ પ્રગતિ કરી શકે છે, તેનું કારણ એ છે કે તેઓના પ્રયત્નો મંદ અને નબળા હોય છે, તેઓનો નિશ્ચય નિઃસત્વ અને તેઓની મહત્ત્વાકાંક્ષા પ્રોત્સાહન વગરની હોય છે.

જ્યારે કોઇ માણુસ સ્વશકિતમાં શ્રધ્ધા રાખવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીપાલિકા અને પ્રભુ મહાવીર

લેખક:-શાસનકંટકોદ્ધારક પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજ

આર્ય પ્રજાનો કોઈ પણ મનુષ્ય એવો નહિ હોય કે જે દિવાલીના પર્વથી અજાણ્યો હોય, છતાં દીવાલી શબ્દ લોકભાષાનો હોઇને એનું સંસ્કૃત સ્વરૂપ ઘણા ઓછા જ જાણતા હોય છે. દીવાલીનું સંસ્કૃત સ્વરૂપ **દીપાવલી** છે. અને તેનો અર્થ 'દીવાઓની શ્રેણી' એવો થાય છે. પણ તેથી દીવાળીને દીવાની શ્રેણી તો કહેવાય જ નહિ. દીવાળીને દિવસે જે લાઇનબંધ કરવામાં આવે છે તે દીવાની શ્રેણી તો એક બાહ્ય ચિહ્નરૂપ છે. જો આપણે એકલા બાહ્ય ચિહ્નને વળગીએ, તો ખરેખર આપણે સાપ અને લીસોટાનો ભેદ નથી સમજ્યા એમ ગણાય. વિચાર કરવાની જરૂર છે કે હંમેશ વપરાતો દીપક ચાલુ અંધકારનો નાશ કરવા માટે વપરાય છે, તો પછી આ શ્રેણીબદ્ધ દીવાઓથી કયા અંધકારના નાશને લક્ષ્યમાં કર્યું હશે? આ વસ્તુ વિચારતાં વિચક્ષણ પુરુષ સમજી શકશે કે કોઈક એવા અજોડ ઉદ્યોતના અભાવને લીધે અગર તેના અસ્તને લીધે તે ઉદ્યોતને યાદ કરવાની નિશાની તરીકે આ દીપાલિકા શરૂ થએલી હોવી જોઇએ.

જૈન સૂત્રોમાં શિરોમણિ તરીકે ગણાતું **શ્રી**

---

તજી દે છે ત્યારે તેને ગુમાવેલી આત્મશ્રદ્ધાને પુન: સચેતન કરવાના અને દૈવની ગહન શકિતથી સર્વ કાર્ય નિર્ણિત થાય છે એ વિચારને તેના મગજમાંથી દૂર કરવાના પ્રયત્ન સિવાય તેને માટે કંઇ પણ વિશેષ કરવાનું રહેતું નથી. "હું પોતે દૈવ કરતાં વધારે બલવાન છું અને કોઇ પણ બાહ્ય શકિત કરતાં મારી આંતરશકિત વધારે બળવાન છે." એમ તમારા સમજવામાં આવે નહિ ત્યાં સુધી તમે તેને માટે કાંઈ પણ કરવા અશકત છો. આપણામાંનાં ઘણાખરા લોકોનાં જીવન અત્યંત પરિમિત અને સંકુચિત હોય છે. તેનું એક કારણ એ છે કે આપણને આપણી જાતમાં તેમ જ કાર્ય કરવાની આપણી શકિતમાં લેશ પણ વિશ્વાસ હોતો નથી. કોઇ પણ સાહસ કરતાં આપણે ડરીએ છીએ, અને અતિશય સાવધાન રહેવાની ટેવને લીધે હંમેશાં પછાત રહીએ છીએ. ઉચ્ચત્વ અને નિર્બંધના પ્રમાણમાં આપણે તેવા વિચારના થઇએ છીએ. અધોદષ્ટિ રાખવાથી આપણે અધોગામી થઇએ છીએ. આપણે ઊર્ધ્વ દષ્ટિ રાખવી જોઇએ, અને તો જ ઉત્તમ કોટિના આત્માઓથી વસાયેલા ઉચ્ચ શિખરે આપણે પહોંચી શકશું.

આત્મશ્રદ્ધાનું આટલું પ્રતિપાદન કરવા પહેલાં એક વાત પર ધ્યાન ખેંચવાની જરૂર છે કે આત્મશ્રદ્ધા એ આત્માભિમાન અથવા મમતા નથી. આત્મશ્રદ્ધા એક પ્રકારનું જ્ઞાન છે અને હાથમાં લીધેલાં કાર્યની સિદ્ધિને અર્થે આવશ્યક શકિત હોવાના જ્ઞાનમાંથી તેનો આવિર્ભાવ થાય છે. અચળ આત્મશ્રદ્ધા મનુષ્યને વિકાસક્રમમાં આગળ વધવામાં મદદ કરે છે. શંકાશીલ મનુષ્યોમાં આ પ્રકારનું બળ હોતું નથી; તેઓ કદિ કાર્યનો આરંભ કરે છે તો તે અનિશ્ચય અથવા સંશયથી જ કરે છે. અને **સંશયાત્મા વિનશ્યતિ** એ કથનાનુસાર નિશ્ચિત બળ વગરનું કાર્ય નિષ્ફળતામાં જ પરિણમે છે.

(ચાલુ)

For Private And Personal Use Only

**પર્યુષણા કલ્પસૂત્ર** કે જેની રચના ભગવાન શ્રી મહાવીરસ્વામી પછી ૧૭૦ વર્ષે શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજીએ કરેલી છે, તેમાં દીપાવલિકાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેનાથી પ્રાચીન કોઈ પણ ઉલ્લેખ દીપાવલિકા માટે જૈન શાસ્ત્ર કે અન્ય દર્શનીય શાસ્ત્રોમાં ઉપલબ્ધ નથી. શ્રી કલ્પસૂત્રના ફરમાન પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીરૂપી અખંડ ઉદ્યોતકારક કેવલજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવાનના અસ્તસમયથી થયેલ ભાવાંધકારને ટાળવાના ઉપલક્ષણમાં જ આ દીપાલિકા પ્રવર્તેલી છે.

ધ્યાન રાખવું જરૂરી છે કે અઢારે દેશના ગણરાજાઓએ એકત્રિત થઇને આ દીપાલિકા પ્રવર્તાવેલી છે અને તેથી જ આ દીપાલિકા સમગ્ર ભરતક્ષેત્રમાં વ્યાપક થઇ ગઈ અને થાય જ એમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. આ દીપાવલિકાના બાહ્ય સ્વરૂપ તરીકે એવી દીપકની શ્રેણીને જેટલું વળગવું જોઇએ, તેના કરતાં કંઈ ગુણા વધુ અંશે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ પોતાની હયાતિમાં અંતિમાવસ્થા વખતે જે સોળ પહોર સુધી અખંડિત ધારાએ દેશના આપી હતી અને તેમાં ૫૫ અધ્યયનો પાપફળને જણાવનારાં, પંચાવન અધ્યયનો પુણ્યફળને જણાવનારાં અને પ્રશ્ન પૂછ્યા વગરના છત્રીશ વ્યાકરણોને કે જે બાર પર્ષદાને સંભળાવ્યાં હતાં અને બાર પર્ષદાએ પણ તે સાંભળીને જે છેલ્લો લ્હાવો અખંડપણે લીધે હતો તેનું જ અનુકરણ કરવાની દરેક ભવ્યાત્માને જરૂર છે.

અર્થાત્ દીપાવલીને દિવસે ભગવાનના કાલધર્મ પછી કરાયેલી દીવાની પ્રવૃત્તિમાં જવા કરતાં હયાતિની વખતે થયેલો અખંડપણે સોળ પ્રહરનો ભાવ ઉદ્યોતરૂપી લાભ વિશેષ અનુકરણીય લેખાવો જોઇએ અને એટલા જ માટે શ્રી દીપાલિકા પર્વને પામીને દીવાળીના દિવસને આશ્રીને છઠ્ઠની તપસ્યા કરવાપૂર્વક સોળ પહોરનો પૌષધ દરેક ભવ્યાત્માએ કરવો જોઇએ અને દીવાળીના દિવસે પહેલી રાતે '**श्रीमहावीरस्वामी-सर्वज्ञाय नमः**' એવો બે હજાર પદનો જાપ એટલે વીશ નવકારવાળી, પાછલી રાતે '**श्रीमहावीरस्वामी-पारंगताय नमः**' પદની વીશ નવકારવાળી તથા તે બંને વખતે દેવવંદન આદિ દીવાળી પર્વની આરાધનાને માટે કરવું જોઇએ. દીવાળી પર્વ લોકને અનુસારે કરવાની આજ્ઞા હોવાથી તે પર્વ આસો વદ ચૌદશે થાય તો પણ કા. શુ. ૧ ના દિને '**श्रीगौतमस्वामी-सर्वज्ञाय नमः**' એ પદનો બે હજાર જાપ અને દેવવંદન સૂર્ય ઉદય પહેલાં શ્રી ગૌતમસ્વામી ભગવાનના કેવલજ્ઞાનના અંગે કરવું જોઇએ. ધ્યાન રાખવું કે આ દીપાલિકા પર્વ રાજા-મહારાજા અને સામાન્ય વર્ગમાં એટલું બધું પ્રચલિત થયેલું હતું અને છે કે જેને અંગે ભગવાન ઉમાસ્વાતિ વાચકજીને પણ એમ જણાવવું પડ્યું કે દિવાળીના તહેવારમાં ઇતર લોકોથી જૈનોએ જુદા પડવું નહિ. અને તેને માટે '**श्रीवद्वीरस्य निर्वाणं कार्यं लोकानुगैरिह**' એવા પ્રઘોષને અગ્રસ્થાન મળ્યું. અર્થાત્ લોકો જે દિવસે દીવાળી કરે તે દિવસ છઠ્ઠના બીજા ઉપવાસનો હોય તેવી રીતે જૈનોએ પણ દીવાળી કરવી તે શાસ્ત્રાજ્ઞાસિદ્ધ છે. એમ દીવાળી પર્વની મહત્તાને માટે જ જણાવ્યું છે. આ પર્વને પામીને સમસ્ત કલ્યાણકામી આત્માઓએ પોતાના આત્મકલ્યાણાર્થે આ પર્વનું છઠ્ઠ તપથી વિધિવિધાનપૂર્વક આરાધન કરવા ધ્યાન રાખવું અતિ આવશ્યક છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ–કૌશલ્ય

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

( ૯૧ )

## નાના મનની નિશાની

**નાના મનની નિશાની હું ભાગ્યે જ પિછાની શકું છું, પણ બીજા માણસોનું અંધ અનુકરણ કરવું એ એની બરાબર નિશાની છે એ હું બરાબર જાણું છું.**

આના જેવી કબુલાત ભાગ્યે જ જોવામાં આવશે. ગ્રેવીલ નામનો સુપ્રસિદ્ધ ગ્રંથકાર કહે છે કે હું તો નાના મનની નિશાની પણ જાણતો નથી, પણ જાણતો હોઉં તો એક વાત બરાબર જાણું છું. આવી રીતે ઉમદા મનને, ઉદાર મનને અને મોટા મનને શોધી કાઢવું એમાં પણ ઘણી મુશ્કેલી પડે છે પણ છોટા મનને જાણવું એ વધારે મુશ્કેલ પડે છે, કારણ કે ઉદાર મન હોય તો ઉદારતાથી તેની પરીક્ષા થઇ શકે, ઉમદા કૃત્યથી ઉમદા મનને ઓળખાય, મોટાઇથી મોટા માણસને ઓળખી પારખ પડે, પણ નાના મનને કેમ શોધવું એમાં ભારે મુશ્કેલી જણાય છે; તેની પરીક્ષા કરવા માટે કોઇ જાતનું થરમોમીટર શોધવું જોઈએ, નહિ તો નાના મનને પારખવા ઘણી મુશ્કેલી પડે છે. એ રીતે વિચાર કરતાં માલૂમ પડે છે કે મોટા મનને શોધવામાં બહુ મુશ્કેલી લાગતી નથી, એ એના ઉમદા કૃત્યથી જણાઈ આવે છે. અમુક વ્યક્તિ મોટા મનની છે તે શોધવામાં બહુ બહાદુરી વાપરવી પડે તેમ નથી, તે તો તેના કામકાજથી જણાઇ આવે છે. જો તેના કામકાજમાં ઉદારતા, મોટાઇ અથવા સમતા હોય, તે ઉમદા સ્વભાવનો હોય તો સમજવું કે તે મોટા મનનો માણસ છે. હવે છોટા માણસને કેમ શોધી કાઢવો તે વિચારીએ. તેના સંબંધમાં આ વાક્યની યોજના કરવામાં આવી છે.

તો છોટા મનને કે નાના મનને શોધવું શી રીતે? તે સવાલ ઊભો થયો. ગ્રંથકાર કહે છે કે અનુકરણ કરવું એ મનુષ્યનો ધર્મ છે, પણ જ્યારે મન બીજાને અનુસરવામાં પોતાની અક્કલનો ઉપયોગ ન કરે અને અંધ અનુકરણ કરે ત્યારે સમજવું કે તેનું મન પણ નાનું છે અને તેની અક્કલ પણ ટૂંકી છે. આ એની નિશાની છે એ ચોક્કસ વાત સમજવી. એટલે અનુસરણનો નિયમ સ્વીકારવો એમાં કાંઇ વાંધો નથી પણ અંધ અનુકરણ ન કરવું એ કહેવાનો આશય છે. જે માણસો એ રીતે અંધ અનુકરણ કરે છે તે નાના મનના છે એમ સમજવું.

આ રીતે ધર્મિષ્ટ માણસ વિચાર કરે અને બીજાની સારી કે ખરાબ વાત હોય તેને અનુસરવા પૂરતો પોતાની અક્કલનો ઉપયોગ કરે. જો કે કામ સારું હોય, ગમે તેવું હોય, તો પણ તે આપણાથી અનુસરી શકાય તેવું છે કે નહિ તેનો વિચાર કરવો, તેનું અનુકરણ કરવામાં અંધતા હોવી જોઇએ નહિ એમ વિચારવું. આ વિચારમાં જો અંધતાની બાદબાકી કરવામાં આવે તો તેમાં કોઇ પ્રકારનો વાંધો ન હોવો જોઇએ. એ વાંધો એવા પ્રકારનો છે કે જેમાં કોઇ વ્યક્તિને કોઈ પ્રકારનો વાંધો ન હોવો જોઇએ. અને આ બાબતમાં અંધતાને છોડી દેવામાં કોઇની શરમ ન રાખવી જોઇએ. આ અંધતા નુકશાન કરનારી છે એમ સમજવું જોઇએ. અનુકરણમાં વાંધો નથી પણ અંધતાનો વાંધો છે એમ બરાબર સમજવું ઘટે. ધર્મિષ્ટ માણસ અંધતા નિવારે.

*I hardly know so true a mark of little mind as the servile imitation of others.* —*Greville*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( ૯૨ )

## કથીર અને સોનું

## Sham & Real

**દેખાવ અને સાચ વચ્ચે વિવેક રાખવો. એ મુશ્કેલ છે, છતાં ખૂબ લાભકારક છે.**

દેખાવ કરવો જુદો અને વસ્તુતઃ વાત જુદી હોય એવું અનેક માણસોના સંબંધમાં બનતું જોવામાં આવે છે. એ વાત ખરેખર સમજવા યોગ્ય છે અને જીવવા યોગ્ય છે. જેઓ પીત્તળ અને સોનાનો તફાવત જાણતા નથી તેને આ વાતમાં બહુ રસ નહિ પડે એ સમજાય તેવી વાત છે, પણ આપણે તો પિત્તળનું કામ નથી, સોનાને ઓળખી કાઢવા માટે જે શક્તિ જોઇએ તેનો ખરેખરો ઉપયોગ કરવા યોગ્ય છે અને તેમાં જે પાછા પડે છે તે આખરે તો પસ્તાય છે પણ તે પસ્તાવો દૂરનો અને મોડો હોય છે એમ આપણને લાગ્યા વગર રહેતું નથી. બાકી તો આ જીવન કેટલું છે તે પર વિચાર કરવામાં આવે તો છાતી બેસી જાય તેવી વાત છે, એને સમજવાનો પ્રયત્ન કરીને ખાલી દેખાવ ખાતર આપણું વર્તન થતું હોય તે નિષ્પ્રયોજન છે અને તેટલા માટે નિરુપયોગી છે એમ વર્તન ઉપરથી જણાઇ આવે છે. આ વાત સારી સમજવા યોગ્ય છે અને ખોટો દેખાવ કરવાનો નહિ જ એમ નિશ્ચય થઇ જાય છે. આ વાત જિંદગીના પ્રશ્નો નિર્ણય કરે છે એ નિર્વિવાદ હકીકત છે અને એમાં કાઇ વાતનો વિસંવાદ નથી. આપણને તેટલા માટે કોઈ જાતનો વિસંવાદ નથી એવો નિર્ણય કરવાની જરૂરીઆત ચોક્કસપણે જણાઇ આવે છે અને તેના સમર્થનમાં આ સૂત્ર બન્યું હોય તેમ લાગે છે. આપણે તે બરાબર સમજવા–જીવવા માટે પ્રયત્ન કરીએ. ઘણીવાર પ્રાણી દેખાવ ઉપર મોહી પડે છે અને હેરાન થાય છે, પણ જ્યારે વર્તન કરવાનો વખત આવે ત્યારે મનમાં ધારેલું જ કરે છે, અને જે દેખાવ ખાતર પ્રિન્સીપલોની વાત કરી હોય તે સર્વ વાતમાં જ રહે છે અને વર્તન સર્વને પસંદ આવે તેવું થતું નથી. આ બાબત ઉપર ધ્યાન ખેંચવાની અને વર્તનની અને દેખાવની એકતા હોવાની બહુ જરૂર છે અને અત્યારે ઘણા બાઇઓમાં જે વિસંવાદ જોવામાં આવે છે તેથી ખેદ થાય છે, તે સર્વ અટકી પડે છે અને વર્તન અને દેખાવમાં ફેરફાર રહેતો નથી એવી સ્થિતિ જોઇ આનંદ થાય છે અને તે આનંદ આધ્યાત્મિક અથવા આત્મિક હોઈ ખરેખર અનુભવવા યોગ્ય છે એમાં પણ શંકાને સ્થાન નથી. દેખાવ તો જ થઈ શકે કે હાથીના ચાવવાના જુદા હોય અને દેખાવનાં દાંતો જ જુદા હોય. આ પરિસ્થિતિ દેખીતી રીતે અયોગ્ય હોઇને ઇચ્છવાજોગ નથી. પ્રાણીએ તેટલા માટે દેખાવ અને વસ્તુતઃ થતી સ્થિતિમાં ફેરફાર ન રાખવો જોઇએ. એથી અનેક જુઠાણુંમાંથી બચી જવાય છે, અથવા ગોટાળો વાળવાની વાત દૂર થઇ જાય છે. આ વસ્તુસ્થિતિ સમજી લઈ એરડેલનો આભાર માનવો જોઇએ કે જેમણે આ વાતને પ્રકટ કરી છે. એમના શુદ્ધ વિચારમાં આ સ્થિતિ નીપજાવવાની મુશ્કેલી જણાય છે તેનું હાર્દ સમજવાની આપણી ફરજ છે.

It is hard *to discriminate between sham and the real*, but it always pays to do so.

"Thoughts of the Great."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## અગિયારમી પુષ્પગૃહપૂજા

—: દુહા :—

પુષ્પઘરો મનરંજનો, ફૂલે અદ્ભુત ફૂલ, મહકે પરિમલ વાસના, રહકે મંગલ મૂલ–૧
શોભિત જિનવર બિચમેં, જિન તારામેં ચંદ, ભવિ ચકોર મન મોહસે, નીરખી લહે આનંદ–૨

### દુહાના અર્થ–

આ પૂજા અગિયારમી ફૂલોના ઘર સંબંધી છે. અદ્ભૂત એવા ફૂલોના સમૂહથી આ ફૂલનું ઘર મનરંજક બને છે. સુગંધથી બહેકે છે. વળી પુષ્પઘરનું મૂળ (પાયો) મંગલસ્વરૂપ છે. આ ફૂલના ઘરમાં જેમ તારામંડલમાં ચંદ્ર શોભે તેવી રીતે (જાણે સાક્ષાત્ તીર્થંકર પ્રભુ હોય નહીં) જ શોભે છે. બીજી ઉપમા ધરાવે છે. જેમ ચકોર પક્ષી ચંદ્રને દેખી આનંદ પામે તેવી રીતે "પૂજક ભવ્ય જન"-રૂપ ચકોર પક્ષી (ચંદ્ર સમાન પ્રભુને નીરખી) મનમાં હર્ષપૂર્વક આનંદ લે છે.

### ઢાળ–રાગ–ખમાચ–તાલ પંજાબી ઠેકો

— શાંતિ વદન કજ દેખ નયન–એ દેશી

ચંદ બદન જિન દેખ નયન મન, અમીરસ ભીનો રે—એ આંકણી.

રાય બેલ નવમાલિકા કુંદ, મોગર તિલકા જાતિ મચકુંદ
કેતકી દમણુ કે સરસ રંગ, ચંપક રસ ભીનો રે. ચંદ બદન ૧

ઇત્યાદિક શુભ ફૂલ રસાલ, ઘર વિરચે મનરંજન લાલ;
જાલી ઝરોખા ચિતરી શાલ, સુર મંડપ કીનો રે. ચંદ બદન ૨

ગુચ્છ ઝુમખા લંબાસાર, ચંદુઆ તોરણ મનોહાર;
ઇન્દ્ર ભુવનકો રંગ ધાર, ભવ પાતિક છીનો રે. ચંદ બદન ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુસુમાયુધકે મારન કાજ, ફૂલ ઘરે થાપે જિનરાજ;
જિમ લહીએ શિરપુરકો રાજ, સબ પાતક ખીનો રે. ચંદ બદન ૪
આતમ અનુભવ રસમેં રંગે, કારણ કાજ સમજતું ચંગ;
દૂર કરો તુમ કુગુરુ સંગ, નરભવ ફળ લીનો રે. ચંદ બદન ૫

**અર્થ** :–આ પૂજા ફૂલના ઘર વિષે છે. શ્રી તીર્થંકર પ્રભુનું ચંદ્રમા જેવું મુખ દેખીને મારા નેત્રો તથા "મારું મન" અમૃત રસથી વ્યાપ્ત થયું–તન્મય થયું–એકાકાર થયું. વળી રાય જાતિ–બોલસીરી નવમલ્લિકા–મચકુંદ–મોગર–તિલક–જાઇના ફૂલ–કેતકી–દમણો વિગેરે સરસ રંગવાળા ચંપકાદિ પુષ્પોથી મનરંજન એટલે મનને આનંદ પમાડનારું એક પુષ્પઘર રચવામાં આવ્યું. વળી આ ઘરમાં ફૂલની રચનાથી જાલીયા–ઝરૂખા મનોહર બનાવવામાં આવ્યા. આ ઘર દેવમંડપના જેવું બની ગયું. વળી લાંબા ગુચ્છા–ઝુમખા ચંદ્રવા–તોરણો પુષ્પોથી રચવામાં આવ્યા. આ ઘર ઇંદ્રિભુવન જેવું બનાવવામાં આવ્યું. આ ઘર જોતાં પૂજકે ભવમાં કરેલા જે પાપો નાશ થઇ ગયા હોય એવા કર્યાં, વળી આ ઘરમાં "કુસુમાયુધ." (કામદેવ)-ને મારવા માટે વચમાં શ્રી જિનરાજ પ્રભુને બેસાડવામાં આવ્યા. આ પ્રભુથી કામદેવને મારી આપણે શિવનું રાજ્ય લહીએ અને સર્વ પાતકોને નાશ કરી શકીએ, એવી શક્તિ અમે પુષ્પનું ઘર બનાવી પ્રભુને વચમાં બિરાજમાન કરી પ્રાપ્ત કરી એવો અનુભવ મેળવ્યો. વળી આત્મ ગુણના અનુભવરૂપ રસના રંગે "હે જીવ, તું પુષ્પનું ઘર એ રૂપી કારણ મેળવી કાર્યરૂપ આત્માના ગુણરૂપી ભાવ ઘર બનાવી, મનોહર કાર્ય સમજીને સાધ્ય મેળવી લે. કુગુરુના સંગનો ત્યાગ કર. એવી રીતે દ્રવ્ય તથા ભાવ ઘરરૂપ પૂજા સાધીને માનવભવના ફળરૂપ આત્મસિદ્ધિમાં લીન થઇ જા.' એ જ અગીઆરમી પુષ્પઘરની પૂજાનું મહત્વ છે–સાર છે.

## બારમી પુષ્પવર્ષણ પૂજા

બાદલ કરી વરસા કરે પંચ વરણ સુરફૂલ;
હરે તાપ સબ જગતકો જાનૂ ઘન અમૂલ.

**અર્થ**:–આ બારમી પૂજા પુષ્પના વરસાદ સંબંધી છે. "પૂજક" આ પૂજામાં પાંચ વર્ણના ઊંચી જાતના પુષ્પો એકઠા કરે, ત્યારબાદ "વાદળનો" દેખાવ કરી ફૂલનો વરસાદ વરસાવે. આ ફૂલના–વરસાદ ઢીંચણપ્રમાણ ઊંચા ઢગલા જેટલો થાય. આ પૂજાના જગતના ત્રિવિધ તાપો (આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ) નાશ થાય.

### ઢાળ બારમી "અડિલ છંદ"

ફૂલ વગર અતિ ચંગ રંગ બાદર કરી, પરિમલ અતિ મહકંત મીલે, નર મધુકરી–
જાનુદ ઘન અતિ સરસ વિકચ અધો બિટ હૈ–વરસે બાધાં રહિત રચે જેમ છીટ હૈ. (૧)

**અર્થ**:–આ પૂજામાં અતિ મનોહર મોટા પ્રમાણવાળો–સુગંધીદાર ફૂલનો ઢગલો કરે, તેની સુગંધીમાં ભવ્ય નરરૂપ ભમરા એકત્ર થાય. આ ઢગલો ઢીંચણપ્રમાણ હોય. સરસ વિકસ્વર હોય–ફૂલના બંધન (બિટ) અધો ભાગમાં હોય. એવી રીતે અંતર રહિત પુષ્પોનો વરસાદ વરસાવે. (જેમ રંગબેરંગ છીંટ)અનેક રંગબેરંગી ચિત્રવાળું વસ્ત્રવિશેષ હોય. તેવો પુષ્પ વરસાદ પ્રભુના મંદિરમાં શોભે. (૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ બારમી

મંગળ જિન નામે આનંદ ભવિકું ઘનેરા....એ આંકણી.

ફૂલપગર બદરી ઝરે રે હેઠ બીંટ જિનકેરા....મંગલ....(૧)

પીડા રહિત ઢીગ મધુકર ગુંજે ગાવત જિન ગુણ તેરા...મંગલ....(૨)

તાપ હરે ત્રિહું લોકકા રે જિનચરણે જસ ડેરા....મંગલ....(૩)

અશુભ કરમ છલ દૂર ગયે રે શ્રી જિન નામ રહેરા...મંગલ...(૪)

આતમ નિર્મલ ભાવ કરીને પૂજે મિટત અંધેરા...મંગલ....(૫)

### અર્થ

પ્રભુના મંગલસ્વરૂપ નામથી ભવિ જનોને ઘણા આનંદો પ્રાપ્ત છે. આ પૂજા ફૂલના વરસાદની છે. જે વખતે સમવસરણમાં ફૂલની વૃષ્ટિ થતી હતી ત્યારે તેના (બીંટ-બંધન) હેઠે થતા હતા-એવી રીતે જિનેશ્વર પ્રભુના કર્મરૂપી બંધનો (બીંટો) જાણે હેઠે ન જતા હોય ? તેનો દેખાવ આ પુષ્પના વરસાદમાં જણાતો એવી રીતે હતો. ઉપલક્ષણથી પણ આ પૂજા કરનાર ભવ્ય જીવના કર્મરૂપી બંધનો નીચે જાય છે, એ આ પૂજાનું ભાવ રહસ્ય સમજવું. વળી આ પુષ્પના ઢગલામાં પીડા રહિત ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હોય એવા દેખાવથી જાણે પ્રભુના ગુણગ્રામ ન કરતા હોય એવો ભાસ જણાતો હતો. અહીંઆ ભમરારૂપ "પૂજકો" સેવા કરનારે જીવ સમજવા અને ગુંજારવરૂપ પ્રભુનું ગવાતું ગાન સમજવું. એવો ઉપમા ઉપમેય ભાવ અનુભવથી અનુભવવો. શ્રી જિનચરણોમાં જેણે ફૂલનો વરસાદ વરસાવ્યો છે. તેના સર્વ ત્રિવિધ તાપો, ત્રણ જગતના જીવોના દુઃખો દૂર થાય છે અર્થાત્ તાપનું હરણ થાય છે-વળી વિશેષ ભાવ તરીકે "અશુભ કર્મના દલ" જિનેશ્વર પ્રભુના નામનું જે રટણ કરે છે તેના દૂર થઇ જાય છે. એવી રીતે "આત્મા" નિર્મળભાવે કરીને જો પ્રભુની પુષ્પવર્ષણરૂપ દ્રવ્યપૂજા તથા ભાવપૂજા કરે છે તો તે આત્માના મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગરૂપ ભાવ અંધકારો નાશ થઇ જાય છે. (ચાલુ)

**आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत्पशुभिर्नराणाम् ।**
**धर्मो हि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः ॥**

(દોહરા)

નિદ્રા ભય મૈથુન ને, ચોથો વળી આહાર;
પશુ જનમાં સામાન્ય એ, ચારે છે નિરધાર.
ધર્મ માત્ર એક મનુજમાં, મનાય છે જ વિશેષ;
ધર્મ વગર નર પશુ સમા, સંશય ધરો ન લેશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ : પુસ્તક ૫૪ મું

[ સં. ૨૦૧૩ના કાર્તિકથી આસો સુધીની ]

## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અપના રૂપ નિહારો ! | ( શ્રી પાદરાકર ) | ૧ |
| ૨. | નવીન વર્ષે પ્રભુસ્તુતિઃ | ( અભ્યાસી ) | ૨ |
| ૩. | સમૂહ-શ્રદ્ધાંજલિ | ( શ્રી પાદરાકર ) | ૩૦ |
| ૪. | પુસ્તક | ( અભ્યાસી ) | ૫૭ |
| ૫. | સ્વપ્નસૃષ્ટિ | ( અમરચંદ માવજી શાહ ) | ૫૦ |
| ૬. | પ્રભુના પરમ ધન ! | ( પાદરાકર ) | ૬૫ |
| ૭. | દીપક અને આત્મા | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૬૬ |
| ૮. | સંક્ષિપ્ત મહાવીર-જીવન | (શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ) | ૭૪ |
| ૯. | શ્રાવક સંસાર | ( અભ્યાસી ) | ૯૮ |
| ૧૦. | સત્સંગતિનું ગીત | ( ,, ) | ૧૧૪ |
| ૧૧. | અંતરાત્મ હોરી ખેલન | ( પાદરાકર ) | ૧૩૭ |
| ૧૨. | શ્રી દેવકુલપાટક-દેલવાડાસ્થ શ્રી ચિંતામણિ પાર્શ્વજિન સ્તુતિ | ( પ્રાચીન ) | ૧૩૮ |
| ૧૩. | પર્વાધિરાજ પર્યુષણ પર્વ : ક્ષમાપના | ( આત્માનંદી ) | ૧૫૪ |
| ૧૪. | માનવ વિભૂતિ | ( અભ્યાસી ) | ૧૭૦ |
| ૧૫. | પર્યુષણ પર્વ નિમિત્તે શ્રી જિનેશ્વર સ્તુતિ | ( ,, ) | ૧૭૦ |
| ૧૬. | વ્યભિચાર-નિંદા | ( ષડ્ગુણ ) | ૧૭૧ |
| ૧૭. | ન બોલવામાં ગુણ છે નવાણું | ( અભ્યાસી ) | ૧૮૬ |
| ૧૮. | શ્રી નવપદનું સ્તવન | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૮૭ |
| ૧૯. | સ્વાર્થમય સંસાર | ( અમરચંદ માવજી શાહ ) | ૧૮૮ |


### ૨. ગદ્ય વિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧. | નૂતન વર્ષમાં પ્રવેશપ્રસંગે | શ્રી હર્ષીભાઈ દેવચંદ શેઠ | ૩ |
| ૨. | અભયના રાજ્યમાં | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) | ૯ |
| ૩. | અહિંસા ધર્મ : : એક મનન | ( પ્રો. જયંતિલાલ ભા. દવે ) | ૧૩ |
| ૪. | જીવન-સૌંદર્ય | ( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૫ |
| ૫. | આબૂ તીર્થ | ( મુ૦ શ્રી દર્શનવિજયજી ત્રિપુટી) | ૧૮, ૧૩૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૬. પૂ. શ્રી આત્મારામજીકૃત સત્તરભેદી પૂજા-સાર્થ (પં. રામવિજયજી) ૨૨, ૫૭, ૧૦૫ ૧૨૮, ૧૬૭, ૧૮૩ ૧૯૭

૭. માફીપત્ર (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા) ૨૬

૮. સેવામૂર્તિ સ્વ. શ્રી વલ્લભદાસભાઈ ૩૩

૯. ગુણદૃષ્ટિ (અભ્યાસી) ૪૯

૧૦. પૂજન: વીતરાગ પ્રભુનું કે લક્ષ્મીનું (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૫૧

૧૧. ચતુર્દશીનું મંગળ પ્રભાત (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૫૪

૧૨. ધર્મનો સ્તંભ (અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ) ૬૧

૧૩. ભારતની એક વિરલ વિભૂતિ (મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી) ૬૭

૧૪. શ્રમણ સંસ્કૃતિનું મહત્ત્વ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૭૦

૧૫. યશોવિજય ગણિનું વક્તવ્ય (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૭૩

૧૬. ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૭૯, ૧૨૩, ૧૬૦, ૧૭૭

૧૭. વીરભક્ત આનંદ (કા. જ. દોશી) ૮૨

૧૮. મહાવીર નિર્વાણનું વર્ષ (શ્રી. ખીમચંદભાઈ ચાંપશી) ૮૫

૧૯. ગર્વખંડન (ઉપા૦ શ્રી યશોવિજયજી મ૦) ૯૭

૨૦. કવિ કાન્તિવિજયકૃત હરિયાળી અને તેનો ઉકેલ (પ્રો૦ હીરાલાલ ર. કાપડિયા) ૯૯

૨૧. અઢીસો વર્ષ ઉપરની સમસ્યા ( ,, ,, ) ૧૦૧

૨૨. ક્ષત્રિયકુંડ એટલે ભ. મહાવીરનું જન્મસ્થાન (આ. શ્રી વિજયેન્દ્રસૂરિ) ૧૦૨

૨૩. સ્વાશ્રયી બનો (અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ) ૧૦૯, ૧૨૬, ૧૫૮, ૧૮૧, ૧૯૧

૨૪. ધર્મ-કૌશલ્ય (સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા) ૧૧૧, ૧૩૯, ૧૬૫ ૧૯૫

૨૫. કેવી ઈચ્છા કરવી ? (શ્રી મણિરત્ન) ૧૧૩

૨૬. યોગી શ્રી આનંદઘન: એક પદ (શ્રી જગદીશ મ. મહેતા) ૧૧૫

૨૭. જૈન સંસ્કૃતિ (અનુ૦ ઈંદુમતી ગુલાબચંદ શાહ) ૧૧૯, ૧૪૭

૨૮. પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો (શ્રી હીરાલાલ ર. કાપડિયા) ૧૨૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૯. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય
અને ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળ (રોમેશ કે. દીવાન) ૧૪૧
૩૦. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયનાં
મનગમતા (Favourite) તીર્થંકર (શ્રી હીરાલાલ ર. કાપડિયા) ૧૪૫
૩૧. જીવનમાં એક વિરોધાભાસ (મધુકર) ૧૫૩
૩૨. એમાં છૂટકો નથી (શ્રી મોહનલાલ ચુ. ધામી) ૧૫૫
૩૩. પર્યુષણના અંગની એક અપૂર્વ ક્રિયા (મુનિશ્રી લક્ષ્મીસાગરજી) ૧૬૩
૩૪. માનવદેહ સેવા અર્થે મળ્યો છે. (દેસાઈ વાલજી ગોવીંદજી) ૧૬૯
૩૫. સરસ્વતીપૂજન (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૭૨
૩૬. દોલત અને ડહાપણ (મુનિશ્રી જ્ઞાનવિજયજી ત્રિપુટી) ૧૭૫
૩૭. સાચું સુખ–સાચી શાંતિ ક્યાં છે ! (સ્વામી રામદાસ) ૧૮૫
૩૮. તિરસ્કાર પાપનો કરાય, પાપીનો નહીં ! (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૮૯
૩૯. દીપાલિકા અને પ્રભુ મહાવીર (મુનિરાજશ્રી હંસસાગરજી) ૧૯૩

### ૩. પ્રકીર્ણ

૧. સત્કાર–સમારંભ ૪૪
૨. સ્વ. શ્રી હરકુંવરબહેન ૪૫
૩. સ્થાનિક આંદોલન ૪૬
૪. સાહિત્ય–સત્કાર ૪૮, માહ ટા. પે. ૨, ૯૬, વૈશાખ ટા. ૩, જેઠ ટા. પે. ૩
૫. ડૉ. ફ્રાવેલનર અને નયચક્ર ૬૪
૬. વર્તમાન સમાચાર ફાગણ–ચૈત્ર ટા. પે. ૩
૭. જૈન શ્વેતાંબર કૉન્ફરંસ : વીસમું અધિવેશન : : ઠરાવો ૧૫૦
૮. સ્વ. શ્રી જુઠાભાઈ સાકરચંદ વોરા શ્રાવણ ટા. પે. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાહિત્ય–સત્કાર

**શ્રીજ્ઞાતાધર્મકથાઙ્ગઃ** (ભાગ ૧–૨) સંપાદક આચાર્ય ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશકઃ શ્રી સિદ્ધચક્ર સાહિત્યપ્રચારક સમિતિ–શેખમેમણ સ્ટ્રીટ–મુંબઈ, મૂલ્ય પ્રથમ ભાગ રૂા. ૮–૦–૦, દ્વિતીય ભાગ રૂા. ૭–૦–૦

શ્રી જ્ઞાતાધર્મકથાંગ નામના છઠ્ઠા અંગનો પ્રથમ ભાગ (અધ્યયન ૧થી ૮) અને દ્વિતીય ભાગ (અધ્યયન ૯થી ૧૯) પ્રતાકારે આમાં રજૂ કરવામાં આવ્યા છે.

વૈરાગ્યભાવ પ્રેરિત ધર્મકથાઓથી ઉભરાતું જ્ઞાતાધર્મ 'સૂત્ર ખૂબ જ પરિચિત છે, આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે પ્રગટ કરાવી હતી, પરંતુ તે હાલ મળી શકતી ન હોવાથી દ્વિતીય આવૃત્તિરૂપે આ બન્ને ભાગો પ્રગટ કરવામાં આવ્યા છે.

ગ્રંથના સંપાદક આચાર્ય ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજે આ ગ્રંથને લોકભોગ્ય બનાવવા માટે ગ્રંથનો સારભાગ પણ આમાં દાખલ કર્યો છે એટલે કોઈ પણ જિજ્ઞાસુ સહેલાઈથી ગ્રથનું હાર્દ સમજી શકે છે,

વધુમાં કેટલાક ઉપયોગી પરિશિષ્ટો પણ આપવામાં આવ્યા છે, પ્રયાસ ઘણો આવકારદાયક અને પ્રશંસનીય છે. તે બદલ તેના સંપાદક, પ્રકાશક અને દ્રવ્ય સહાયકો ધન્યવાદને પાત્ર છે.

**સુજશવેલી ભાસ–સાર્થ** : પ્રકાશક શ્રી યશોવિજય સારસ્વતસત્રોત્સવ સમિતિ–ડભોઇ.

પ્રાચીન મુનિવર્ય શ્રી કાન્તિવિજયજી મહારાજકૃત 'સુજસવેલીભાસ' ઉપર મુનિવર્યશ્રી યશોવિજયજી મહારાજે ટિપ્પણ કરેલ તે આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે, વધુમાં ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે રચેલ ગ્રંથોની યાદી પણ આપવામાં આવેલ છે.

આ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજની સંસ્કૃત અને ગુર્જર સાહિત્યસર્જનની સેવા સુવિખ્યાત છે. તેઓશ્રીના જીવન, કવન અને સાહિત્ય ઉપર હજુ જોઇએ તેટલો પ્રકાશ પડી શક્યો નથી. આ નાની પુસ્તિકા ઉપાધ્યાયજીના જીવન અને સાહિત્યના અભ્યાસ માટે અંગુલી–નિર્દેશ સમાન છે. વિદ્વાનો તેમાંથી યોગ્ય પ્રેરણા મેળવી આ દિશામાં વધુ પ્રકાશ પાડે તે આશય આના સંપાદકનો છે અને તે આવકારદાયક છે.

**ગૃહસ્થ ધર્મ** : સંપાદક ચંદનમલ નાગોરી. પ્રકાશક શ્રી જિનદત્તસૂરિ સેવાસંઘ : ૩૮ મારવાડી બજાર–મુંબઈ. મૂલ્ય વાંચન. મનન,

જૈન ધર્મના આચાર–વિચાર અંગે શ્રાવક ધર્મના પાંત્રીશ માર્ગ શાસ્ત્રકારોએ બતાવ્યા છે, ઉત્તમ ગૃહસ્થ જીવન જીવવા માટે આ માર્ગ જીવનમાં અપનાવવા જેવો છે.

આ નાની પુસ્તિકામાં ઉપરોક્ત વિવરણ આપવામાં આવેલ છે. પુસ્તિકા હિન્દી ભાષામાં લખવામાં આવી છે, અને તેનો વધુ પ્રચાર કરવાની દૃષ્ટિએ મૂલ્ય રાખવામાં આવેલ નથી.

**ચંવલેશ્વર સ્તવનાવલી** : સંપાદક શ્રી ચંદનમલ નાગોરીઃ પ્રકાશક શ્રી ચંવલેશ્વર પાર્શ્વનાથ કમિટી, પો. જહાજપુર (મેવાડ) મૂલ્ય ચાર આના.

મેવાડમાં આવેલ શ્રી ચંવલેશ્વર પાર્શ્વનાથ તીર્થ અંગેના સ્તોત્ર–સ્તુતિ, ચૈત્યવંદન આદિનો આમાં સમાસ કરવામાં આવ્યો છે. તેમજ તીર્થના ચાર ચિત્રો મૂકી પુસ્તિકાને સચિત્ર બનાવવામાં આવેલ છે.

**પ્રશ્નોત્તર ચત્વારિંશતુશતક** : સંપાદક શ્રી બુદ્ધિસાગરગણિઃ પ્રકાશક મુંબઇ પાયધુની મહાવીરસ્વામી જૈન મંદિર ટ્રસ્ટ કુંડવતી શેઠ ઝવેરભાઈ કેસરીભાઇ ઝવેરી–મુંબઇ. ક્રાઉન ૧૬ પેજી પૃ ૪૫૦ : મૂલ્ય પાંચ રૂપિયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય વિજયજંબુસૂરિજીએ 'તપા–ખરતરભેદ'નું પુસ્તક સંપાદિત તરીકે પ્રગટ કરાવેલ તેના પ્રત્યુત્તરરૂપે આ પુસ્તક પ્રગટ કરવામાં આવેલ છે.

એક પ્રશ્ન આવ્યો માટે તેનો ઉત્તર આપવો જોઈએ તેના જેવી આ પ્રકાશનની સ્થિતિ હોય તેમ જણાય છે. બાકી તો આજે જૈન-દર્શનના પ્રચાર માટે રચનાત્મક સાહિત્ય પ્રકાશનની અનિવાર્ય અગત્ય છે તેવા સમયે આવા ખંડનાત્મક સાહિત્ય પ્રકાશન પાછળ સમય અને શક્તિ ન રોકાય તે વધુ હિતાવહ ગણાય.

**શ્રીમદ્વિજયમેઘસૂરીશ્વરજી:** મહારાજનું જીવન ચરિત્ર: લે. મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રકાશક શા. ચંદ્રકાન્ત બકુભાઈ જહાંપનાહની પોળ–અમદાવાદ, મુલ્ય ભેટ.

**સંત તુકારામની વાણી:** પ્રકાશક શ્રી ગુજરાત વિદ્યાપીઠ–અમદાવાદ. મુલ્ય દોઢ રૂપિયો.

મરાઠી સાહિત્યમાંથી તુકારામની વાણી તારવીને તેનો સુંદર અનુવાદ શ્રી કિશોરલાલ મશરૂવાળાએ આમાં રજુ કર્યો છે.

**શ્રી આનંદ–ચંદ્ર–સુધાસિન્ધુ :** ભા. ૩ જો સંશોધક: આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી. પ્રકાશક શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ ગોળશેર ગળેમંડી, સુરત. મુલ્ય રૂા. ૨–૮–૦

સ્વ. આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના 'સિદ્ધચક્ર' માસીકમાં પ્રગટ થયેલ કેટલાક વ્યાખ્યાનોનો સંગ્રહ બીજી આવૃત્તિ રૂપે આ ગ્રંથમાં રજુ કરવામાં આવ્યો છે. વસ્તુની પસંદગી સારી છે, વધુ વ્યવસ્થિત રીતે સંકલન કરીને જો પ્રગટ કરવામાં આવે તો વધુ સારું થાય.

ગ્રંથનું મુલ્ય પ્રમાણમાં વધુ ગણાય.

# સમાચાર

## ભેટ મળશે

**ચંદ્રલેખા:**–પ્રતાકારે જેમને જોઈતી હોય તેઓએ ૨૦ નયા પૈસાના પોસ્ટ સ્ટામ્પ અને "સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાના સુત્રો" પ્રતાકારે જોઈતી હોય તેમણે ૫૦ નયા પૈસાના સ્ટામ્પ: શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરને મોકલી આપવાથી બન્ને પ્રતો ભેટ તરીકે મોકલવામાં આવશે.

## આભાર

'શ્રી આત્માનંદ પ્રકાશ'ના આસો માસના આ અંક સાથે સં. ૨૦૧૪ની સાલનું શ્રી ઊંઝા–ફાર્મસી તરફથી ભેટ આવેલ પંચાંગ મોકલવામાં આવેલ છે, તો ગ્રાહક બન્ધુઓ પોતાનું પંચાંગ બરાબર સંભાળી લ્યે.

'ઊંઝા' ફાર્મસીના સંચાલકોએ બે હજાર પંચાગ ભેટ આપવા માટે મોકલ્યા છે તે બદલ તેઓશ્રીનો સભા આભાર માને છે.

## જયંતી ઉજવી

આસો શુદિ ૧૦ વિજયાદશમીના દિવસે આપણી સભા તરફથી પ્રાત:સ્મરણીય પૂ. પા. આચાર્યશ્રી કમળસુરીશ્વરજી મહારાજશ્રીની જયંતિ નિમિત્તે અત્રેના મોટા જિનાલયમાં રાગ–રાગિણી સાથે સવારના નવ કલાકે પૂજા ભણાવવામાં આવેલ, જે સમયે સભાસદ બધુંઓ ઉપરાંત અન્ય સદ્ગૃહસ્થોએ પણ સારાં પ્રમાણમાં હાજરી આપી હતી.

---

## સુધારો

શ્રી આત્માનંદ પ્રકાશના શ્રાવણ ભાદરવા માસના અંકમાં ટાઈટલના બીજા પાને સંસ્કૃત પુસ્તકોની જે જાહેરાત પ્રગટ કરવામાં આવેલ છે તેમાં "બૃહત્ કલ્પસૂત્ર"ના દરેક ભાગની કીમત રૂા. બે મુદ્રણ દોષથી છપાઈ ગઈ છે પણ દરેક ભાગની કીમત રૂપિયા વીશ સમજવી.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ વસાવી લેવા જેવું લભ્ય સાહિત્ય

આ સભા તરફથી આજ સુધીમાં સંસ્કૃત, માગધી, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો નાના-મોટા ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાંનું મોટા ભાગનું સાહિત્ય તરત ઉપડી જતાં આજે સ્ટોકમાં નથી, હાલ જે થોડાઘણાં ગ્રંથો મળે તેમ છે તેની યાદી નીચે આપવામાં આવેલ છે. આપે તે ન વસાવ્યા હોય તો સત્વર મંગાવી લેવા વિનંતી છે.

## સંસ્કૃત ગ્રથો

### ભગવાનના ચરિત્રો

| | |
|---|---|
| ૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૨ | ૨-૮-૦ |
| ૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૬-૦-૦ |
| (ભારે કાગળ) | ૫-૦-૦ |
| ૪ તીર્થંકર ચરિત્ર (ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશે ભગવાનના પંચરંગી ચિત્રો સાથે) | ૬-૦-૦ |

### ચરિત્રો વિગેરે

| | |
|---|---|
| ૫ આદર્શ જૈન સ્ત્રી રત્નો ભા ૨જો | ૨-૦-૦ |
| ૬ કથારત્ન કોશ ભા. ૧લો | ૮-૦-૦ |
| ૭ " " ભા. ૨જો | ૬-૦-૦ |
| ૮ દમયંતી ચરિત્ર | ૬-૮-૦ |
| ૯ સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૦ શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલકૃત) | ૦-૮-૦ |
| ૧૧ વસુદેવ હિન્ડી [ગુજરાતી ભાષાંતર] | ૧૫-૦-૦ |

### પૂજા અને કાવ્યો

| | |
|---|---|
| ૧૨ આત્મવલ્લભ પૂજા-સંગ્રહ | ૩-૦-૦ |
| ૧૩ ચૌદ રાજલોક પૂજા | ૦-૪-૦ |
| ૧૪ નવાણું અભિષેક પૂજા | ૦-૪-૦ |
| ૧૫ વીશ સ્થાનક પૂજા(અર્થવાળી) | ૧-૪-૦ |
| ૧૬ સમ્યગ્દર્શન પૂજા | ૦-૪- |
| ૧૭ ચારિત્રપૂજાદિત્રયી સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૮ જૈન ઐતિહાસિક કાવ્ય સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૧૯ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૨૦ સજઝાયમાળા(ભીમશી) | ૪-૮-૦ |
| ૨૧ આત્મકાન્તિપ્રકાશ | ૦-૮-૦ |

### તત્વ અને હિતોપદેશાદિ

| | |
|---|---|
| ૨૨ તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| ૨૩ આરંભસિદ્ધિ | ૧૦-૦-૦ |
| ૨૪ જૈન તત્ત્વસાર | ૧-૦-૦ |
| ૨૫ ધર્મબિન્દુ (આવૃતિ બીજી) | ૩-૦-૦ |
| ૨૬ આચારોપદેશ | ૧-૦-૦ |
| ૨૭ અનેકાન્ત (ગુજરાતી) | ૧-૦-૦ |
| ૨૮ " (ઈંગ્લીશ) | ૨-૦-૦ |
| ૨૯ નમસ્કાર મહામંત્ર | ૧-૦-૦ |
| ૩૦ જૈન ધર્મ | ૧-૦-૦ |
| ૩૧ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તરી | ૧-૦-૦ |
| ૩૨ પંચ પરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧-૮-૦ |
| ૩૩ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨જો | ૧-૦-૦ |
| ૩૪ શ્રમણ સંસ્કૃતિ | ૪-૧૨-૦ |
| ૩૫ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧-૮-૦ |
| ૩૬ જ્ઞાન પ્રદીપ ભા.૧લો | ૪-૦-૦ |
| ૩૭ " ભા ૨જો | ૪-૦-૦ |
| ૩૮ " ભા ૩જો | ૨-૦-૦ |
| ૩૯ આત્માનંદ જન્મશતાબ્દિ અંક | ૨-૮-૦ |
| ૪૦ જ્ઞાનપ્રદીપ ભા.૧થી૩ સાથે | ૮-૦-૦ |

## દીપોત્સવી સુધીમાં

દીપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી પુસ્તકો મંગાવનારને :-

રૂા. ૨૫) ની કીમત સુધીના પુસ્તકો ઉપર ૬ ૦/૦ ટકા

રૂા. ૫૦) ની કીમત સુધીના પુસ્તકો ઉપર ૧૨ા ૦/૦ ટકા

રૂા. ૧૦૦) ઉપરની કીમતના પુસ્તકો ઉપર ૨૦ ૦/૦ ટકા

ખાસ કમીશન કાપી આપવામાં આવશે.

લખો:- શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# મૈત્રીનું માધુર્ય

એક શાળામાં બે વિદ્યાર્થીઓ સાથે ભણતા હતા. પુષ્પ અને પરિમલ જેવી એમની મૈત્રી હતી. આગળ જતાં બંનેના રાહ જુદા ફંટાયા : એક ચિન્તક બન્યો, બીજો પ્રધાન થયો.

વર્ષો વીત્યાં. બંને જુદી જુદી દિશામાં આગળ વધી રહ્યા હતા. એક દિવસ પ્રધાનની પત્ની ચિન્તકને મળવા આવી. તેણે કહ્યું : 'તમે તમારા મિત્રને મળવા હમણાં કેમ આવતા નથી ?'

સહાનુભૂતિ દર્શાવતાં ચિન્તકે કહ્યું : "હમણાં તો મારા મિત્રને ઘણા ય મળવા આવે છે. હું એક ન મળું તો ય ચાલે. હું તો તેને ત્યારે જ મળીશ જ્યારે એ ચૂંટણીમાં ઊડી ગયો હશે. આજે ઝૂકીને વારંવાર સલામ ભરનારા તેને ત્યાં ડોકાતાં ય નહિ હોય તેમજ મારા મિત્રનું હૈયું નિરાશા અને વ્યથાથી ભારે થયેલું હશે ત્યારે ઉત્સાહનું ઔષધ અને આશ્વાસનનો મલમપટ્ટો લઇને, તેના ઘાને રીઝવવા હું હાજર થઇશ. સાચા મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહળ વધારવામાં નથી, દુઃખનાં આંસુ લૂછવામાં છે...

# વિનિમય

એક ધૂર્ત ઘીના ઘડામાં ઉપર ઘી અને નીચે પાણી ભરી કોઈકને ફસાવા જઇ રહ્યો હતો.

બીજો ધૂર્ત પિત્તળના કડા પર સોનાનો જરા ઢોળ ચડાવી વેચવા જઇ રહ્યો હતો.

માર્ગમાં બંને ભેગા થયા : એકે કહ્યું : ઘી લેવું છે ? બીજાએ પૂછ્યું તારે સોનાનું કડું લેવું છે ? બંનેએ અરસપરસ સોદો કર્યો.

પેલો સમજ્યો : મેં છેતર્યો, બીજો જાણે છે કે મેં તેને બનાવ્યો. જગતમાં પણ આમ જ આપ-લે ચાલે છે ને ?

[ બિંદુમાં સિંધુ ]

—મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિ. પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only